eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 222
April 02, 2010

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે સેન્ટ્રલ ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને " સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા. ૨૭/૦૩/૨૦૧૦ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સવારના ૧૦:૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન ખાતે સુલેખન સ્પર્ધા તથા ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે કતારગામ ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને " સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૬–૦૩–૧૦ ના રોજ ઉધના ઝોન તથા લિંબાયત ઝોનમાં ફાઈલેરિયા (હાથીપગા) ના દર્દીઓને માવજત અંગે જરૂરી કીટનું વિના મૂલ્યે વિતરણ



સુરત મહાનગરપાલિકા તરફથી શહેરના વિવિધ વિસ્તારમાં ફાઈલેરીયા (હાથીપગા) રોગ વિશે વિવિધ અટકાયતી પગલાંઓ તેમજ સદર રોગની માવજત અંગે કામગીરી કરવામાં આવે છે. તેના ભાગ રૂપે ઉધના ઝોન તથા લિંબાયત ઝોનના વિવિધ વિસ્તારોમાંથી મળી આવેલ ફાઈલેરિયા (હાથીપગા) ના દર્દીઓને માવજત અંગે જરૂરી કીટનું વિના મૂલ્યે વિતરણ કરવા માટે તા. ૨૬–૦૩–૧૦ ના રોજ એક પ્રોગ્રામનું આયોજન સાઉથ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૨૮–૦૩–૨૦૧૦નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત ) ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં સમાવિષ્ટ મીઠીખાડી થી કમરૂનગર થઈ નિલગીરી સર્કલ જતાં ૨૪.૦૦મી. પહોળા ટી.પી. રોડમાં નડતરરૂપ /અસરગ્રસ્ત રાજીવનગર ઝુંપડપટ્ટીના અંદાજે ૬૨ ઝુંપડાઓના સ્થળાંતરની કામગીરી તા. ૨૬–૦૩–૨૦૧૦ ના રોજ હાથ ધરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે સેન્ટ્રલ ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને " સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા. ૨૭/૦૩/૨૦૧૦ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં સવારના ૧૦:૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન ખાતે સુલેખન સ્પર્ધા તથા ગુજરાતી ગીતોની અંતાક્ષરી સ્પર્ધાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૭.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગ ઉપવન) ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહેરના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર તેમજ વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ મેળવનારાઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સ્વાતંત્ર્ય સેનાનીઓને શાલ ઓઢાડી, સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ મેળવનારાઓને મોમેન્ટો તેમજ પ્રમાણપત્ર એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું. સેન્ટ્રલ ઝોનના ઝોનલચીફ એવા શહેરવિકાસ અધિકારીશ્રી કેતનભાઈ એસ. પટેલે મંચસ્થ મહાનુભાવો અને હાજર શહેરની જનતાને આવકાર્યા હતા.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે આપણે સૌએ એક વખતના ગંદા, ગોબરા શહેરને સુંદર શહેર તરીકે ભારતના નકશા ઉપર સ્થાન અપાવ્યું છે. સુરત શહેરને આપણે એક લેવલ ઉપર લાવ્યા છીએ. આ લેવલને જાળવી રાખવાની આપણી સૌની જવાબદારી છે. આજે સુરતની જનતા સ્વચ્છતા પ્રત્યે સભાન બની છે અને એ સભાનતા જાળવી રાખી સુરત શહેરને સ્વચ્છ,સુંદર રાખવાની શહેરની જનતાને અપીલ કરી હતી.

મા. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોષે જણાવ્યું હતુ કે "સ્વર્ણિમ ગુજરાત વર્ષ : ૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે શહેરના વિકાસ માટે એવા સંકલ્પો કરીએ જે સીમાચિહનરૂપ બની રહે.

**Continue …**

મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે''સ્વર્ણિમ ગુજરાત વર્ષ : ૨૦૧૦'' ની જયારે આપણે ઉજવણી કરી રહયા છીએ ત્યારે તેનો હેતુ સમજવાની જરૂર છે. લોકોમાં એક પ્રકારની જાગરૂકતા લાવવાનો હેતુ છે. આ પ્રસંગે પાણી બચાવવાનો, ખોટા ખર્ચા ન કરવાનો, વ્યસન છોડવાનો સંકલ્પ લેવા જણાવ્યું હતું.

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ : ૨૦૧૦'' ની ઉજવણી કરવાનું નકકી કર્યું. તેમાં ગુજરાતની પ્રજા સહભાગી બને તેવો તેમનો હેતુ હતો. ગુજરાતની સાથે સાથે સુરતની પ્રગતિ અદભુત અને અવિસ્મરણીય છે. સુરતે કુદરતી આફતો જેવા અનેક પડકારો સામી છાતીએ ઝીલ્યા છે. સુરત શહેરના વિકાસનો યશ આ શહેરની પ્રજાને જાય છે. જવાબદાર નાગરિક તરીકે સૌને પાણી બચાવવાની, વિજળી બચાવવાની હાકલ કરી હતી.

શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં સુરત શહેરને વિશિષ્ઠ કામગીરી બદલ ચાર એવોર્ડ મળ્યા. જેનાથી સુરતની એક સુંદર ઈમેજ બની છે. આ ઈમેજને આપણે જાળવી રાખવાની છે. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની હિમાયત કરી.





સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૨૮/૦૩/૨૦૧૦ થી તા.૦૩/૦૪/૨૦૧૦ દરમ્યાન કતારગામ ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

**TOP**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે કતારગામ ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને " સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.




જે અંતર્ગત તા.૨૮/૦૩/૨૦૧૦ ના રોજ સવારે ૮:૩૦ કલાકે નોર્થ (કતારગામ) ઝોન વિસ્તારમાં સામૂહિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે કતારગામ વોર્ડ ઓફિસ પાસેથી રેલી તેમજ સામુહિક સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની જનતા અને શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌ પ્રથમ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ધ્વારા આ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ. આ રેલી કતારગામ વોર્ડ ઓફિસથી શરૂ થઈ વાળીનાથ ચાર રસ્તા ખાતે આવી હતી. જયાંથી મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તેમજ મ્યુ. સભ્યશ્રીઓ ધ્વારા સામુહિક સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શાળાના બાળકો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૨૯/૦૩/૨૦૧૦ થી તા.૦૩/૦૪/૨૦૧૦ દરમ્યાન કતારગામ ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

## તા. ૨૬–૦૩–૧૦ ના રોજ ઉધના ઝોન તથા લિંબાયત ઝોનમાં ફાઈલેરિયા (હાથીપગા) ના દર્દીઓને માવજત અંગે જરૂરી કીટનું વિના મૂલ્યે વિતરણ



સુરત મહાનગરપાલિકા તરફથી શહેરના વિવિધ વિસ્તારમાં ફાઈલેરીયા (હાથીપગા) રોગ વિશે વિવિધ અટકાયતી પગલાંઓ તેમજ સદર રોગની માવજત અંગે કામગીરી કરવામાં આવે છે. તેના ભાગ રૂપે ઉધના ઝોન તથા લિંબાયત ઝોનના વિવિધ વિસ્તારોમાંથી મળી આવેલ ફાઈલેરિયા (હાથીપગા) ના દર્દીઓને માવજત અંગે જરૂરી કીટનું વિના મૂલ્યે વિતરણ કરવા માટે તા. ૨૬–૦૩–૧૦ ના રોજ એક પ્રોગ્રામનું આયોજન સાઉથ ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ હતું.

સદર પ્રોગ્રામમાં સાઉથ ઝોન તેમજ લિંબાયત ઝોનના મ્યુ. સભ્ય શ્રીમતિ સુશીલાબેન હટકર, શ્રી કિશોરભાઈ વાઘેલા, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ જરીવાલા, શ્રીમતિ વિમલાદેવી પાઠક, શ્રી સિધ્ધાર્થ સરદાર, શ્રી રામપ્યારે શર્મા, શ્રીમતિ નયનાબેન નાયક અને શ્રીમતિ સુમનબેન પાટીલ હાજર રહયા હતા. તેમજ ફાઈલેરિયાના રોગથી પીડાતા કુલ ૫૦ દર્દીઓ હાજર રહયા હતા.

નાયબ આરોગ્ય અધિકારી ડૉ. એચ.સી. ભટ્ટે પ્રારંભિક સ્વાગત પ્રવચન કરી હાજર રહેલ તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરેલ હતું ત્યારબાદ ડૉ. કે. જી. વૈષ્ણવે સદર રોગ અટકાયતના પગલાં અને સારવાર અંગે જરૂરી મોર્બીડીટી મેનેજમેન્ટ અંગે વિગતવાર સમજ આપેલ હતી. ત્યારબાદ ઝોનના વડાશ્રી મહેશ સીંગ સાહેબે હાજર રહેલ તમામનું પોતાનું મંતવ્ય રજૂ કરી મહાનગરપાલિકાની વિવિધ કામગીરીમાં લોકોનો બહોળો સાથ સહકાર મળી રહે તેવી આશા વ્યકત કરી હતી. ત્યારબાદ તમામ દર્દીઓને વ્યકિતગત મ્યુ. સભ્યશ્રીઓ તેમજ ઝોનના અધિકારીઓ ધ્વારા મોર્બીડીટી મેનેજમેન્ટ અંતર્ગત જરૂરી કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

ઉપરોકત મિટીંગમાં ડે. કમિ.શ્રી મહેશ સીંગ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એચ. સી. ભટ્ટ, ઈ.ચા. જંતુનાશક અધિકારીશ્રી ડૉ. કે. જી. વૈષ્ણવ, આસી. જંતુનાશક અધિકારીશ્રી કે.બી. દેસાઈ અને શ્રી જે.ડી. પટેલ હાજર રહયા હતાં.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

(૧) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૨૮–૦૩–૨૦૧૦નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે પ્રમાણે છે.

નોર્થઝોન(કતારગામ) ના કાર્યક્ષેત્રમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૭૦ (છાપરાભાઠા–અમરોલી–ઉત્રાણ–કોસાડ) ના ફાયનલ પ્લોટ નં. ૨૧૯ માં મોજે અમરોલીના રેવન્યુ સર્વે નં. ૧૬/૧ માં આવેલ તેજલપાર્ક એપાર્ટમેન્ટમાં બીજામાળે તથા ચોથા માળે સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા વગર અનધિકૃત એમ્બ્રોઈડરી મશીનો ચાલતા હોવાનું જણાતાં સદહુ મિલકતોને અત્રેના શહેર વિકાસ ખાતાના સ્ટાફ મારફત સીલ મારીને બંધ કરાવવામાં આવેલ છે.

(૨) સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા બાકી મિલ્કતદારો ની મિલ્કત સીલ કરવાની કાર્યવાહી કરવામાં તા. ૨૬–૦૩–૨૦૧૦ ના રોજ સ્વસ્તિક રો–હાઉસ, જુના કોસાડ ખાતે આવેલ સોસાયટીમાં વેરા વસૂલાતની ઝુંબેશ હાથ ધરી ૨૨ મિલ્કતોને સીલ કરવામાં આવી છે. તેમજ કતારગામ સીંગણપોર રોડ ઉપર આવેલ મગનનગર સોસાયટી વિભાગ–૨માં આવે દુકાનોંનાં બાકી મિલ્કતદારોની ૧૦ દુકાનો સીલ કરવામાં આવી છે.

નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ પુરુ થવાને ગણતરીના દિવસો બાકી છે નોર્થઝોન (કતારગામ) ધ્વારા બાકીવેરાની મિલ્કતો અંગે નળ કનેકશન કાપવા, મિલ્કતને સીલ કરવા, જંગમ મિલ્કત જપ્તી વગેરે વસુલાતના કડક પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત ) ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં સમાવિષ્ટ મીઠીખાડી થી કમરૂનગર થઈ નિલગીરી સર્કલ જતાં ૨૪.૦૦મી. પહોળા ટી.પી. રોડમાં નડતરરૂપ /અસરગ્રસ્ત રાજીવનગર ઝુંપડપટ્ટીના અંદાજે ૬૨ ઝુંપડાઓના સ્થળાંતરની કામગીરી તા. ૨૬–૦૩–૨૦૧૦ ના રોજ હાથ ધરવામાં આવેલ.

અસરગ્રસ્તા ઝુંપડાવાસીઓને સ્થળાંતર કરી રીલોકેટ કરવાની કામગીરીના ભાગરૂપ સુરત મહાનગરપાલિકા ધ્વારા જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત) નાં અનામત પ્લોટ નં. આર–૨૧ ખાતે નિર્માણ કરવામાં આવેલ આવાસ ફાળવવામાં આવેલ છે. સ્થળાંતર બાદ ઝુંપડાવાસીઓ ધ્વારા સ્વૈચ્છિક ડીમોલીશન ધ્વારા કાટમાળ ખસેડવાની કામગીરી સ્થળ ઉપર પ્રગતિમાં છે.

TOP